આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો,,,
M:9377124582

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઇ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૬ • સળંગ અંક: ૩૦ • ૨૬ એપ્રિલ, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાં: ૧૨ • કિંમત: નિ:શુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા









શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા દ્વારા આરાધ્ય દેવ શ્રી દરિયાલાલ બાપાની જન્મ જયંતિ ચૈત્રી ચંદ્રની ઉજવણીનો કાર્યક્રમ ચૈત્ર સુદ બીજને રવિવાર તા. ૩૦.૩.૨૦૨૫ના રોજ સમગ્ર સમાજ દ્વારા ધામધુમથી ઉજવવામાં આવ્યો.

સાંજના ૫ કલાકે આર્યકન્યા પાસે ઠક્કર ફર્નીચરથી શ્રી લોહાણા સેવા મંડળના સભાગૃહ સુધી શ્રી દરિયાલાલ બાપા તથા અન્ય ભગવાનોની શોભાયાત્રા પાલખીમાં જ્ઞાતિજનોની બહોળી હાજરીમાં વાજતે ગાજતે કાઢવામાં આવી. ત્યારબાદ દર વર્ષની જેમ અરવીંદ મહારાજની હાજરીમાં તેમના હસ્તે દેવોની સ્થાપના બાદ એમની પૂજા-આરતી-અર્ચના દાતા પરિવાર શ્રી શ્રી મગનભાઇ વલ્લભજી ઠક્કર પરિવાર દ્વારા કરવામાં આવી સાથે સમાજના અગ્રણીઓ, હોદેદારો સહ બધાએ પર ભાગ લીધેલ. ત્યારબાદ આરતી કરવામાં આવેલ તથા થાળ ધરવામાં આવેલ. સમગ્ર જ્ઞાતિજનોને દરિયાલાલ સુખ-શાંતિ-સમૃદ્ધિ બક્ષે એવી પ્રાર્થના બ્રાહ્મણ મહારાજે કરેલ.

ત્યારબાદ મુંબઇથી પધારેલ કલાકાર નિર્મલ ઠક્કર તથા સાથીદારોની સંગે સંગીત બેઠક શરૂ થઇ હતી. તેમાં તેમણે પ્રથમ ભક્તિ સંગીત તથા ભજનોથી બધાને રસ તરબોળ કર્યા હતા. મહાજનના અગ્રણીઓ તથા દાતા પરિવારના મગનભાઇની સંગાથે દરેક કલાકાર તથા અન્યોનું સન્માન કરવામાં આવેલ. સાથે સમાજના ભામાશા વડીલશ્રી પ્રકાશભાઇ કારીયાનું તેમના માતબર દાન માટે સન્માન કરવામાં આવેલ.

વિરામ બાદ સંગીતનો દોર ફરી શરૂ થતા તેમાં ગુજરાતી-કચ્છી ગીતોની રમઝટ જમાવી હતી. વડીલશ્રી પ્રકાશભાઇ કારીયાએ પણ ગીત ગાઇને આ ઉંમરે તેમના પહાડી સુરનો પરિચય બધાને કરાવેલ. કાર્યક્રમ બાદ વર્ષા એક્ઝોટીકાના મનભાવન ભોજન સાથે મહાપ્રસાદ લાભ બધાએ લીધો હતો. આ સમસ્ત કાર્યક્રમના સંપૂર્ણ ખર્ચના દાતા શ્રી મગનભાઇ ઠક્કર પરિવાર હતા તેમની ખૂબ અનુમોદના.

આમ કચ્છી લોહાણા મહાજનનો ચૈત્રી ચંદ્રની ઉજવણીનો કાર્યક્રમ બહોળી હાજરી સાથે યાદગાર રીતે સફળતાપૂર્વક પાર પડ્યો હતો.













# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરામાં આયોજિત વિવિધ કાર્યક્રમો

## સમુહ વર્ષીતપ આરાધના

પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના સળંગ ૨૫ વર્ષથી તપની અનુમોદના અર્થે શ્રી સંઘમાંથી અનેક જણ આ ઉગ્ર તપમાં જોડાયા છે. એક વર્ષ ઉપરાંત ચાલનાર આ ‘સમુહ વર્ષીતપ આરાધના’ તપમાં તપસ્વીઓને પારણાં શ્રી સંઘના રસોડે કરાવવામાં આવશે જેનો લાભ સંઘમાતા માતુશ્રી દમયંતિબેન રતનશી કુંવરજી લોડાયા (સાંયરા-ઉજૈન) એ સહ-પરિવારે લીધેલ છે.

## ભલારાદાદાનો સમુહ પાઠ

વડોદરાના શ્રી ભલારાદાદાના ભાવિક પરિવારજનો તરફથી શ્રી ભલારાદાદાનો ૩૩મો સમુહ પાઠ ચૈત્ર સુદ ૨ ને રવિવાર તા. ૩૦. ૪.૨૦૨૫ના રાખવામાં આવેલ. સૌ પ્રથમ બધા ભાવિકોએ શ્રી ભલારાદાદાની ભક્તિ ભાવના કરી હતી ત્યારબાદ દાદાનો પાઠ થયેલ. ત્યારબાદ સકળસંઘે પહેડી પ્રસાદનો લાભ લીધો હતો.

## શ્રી નવપદજીની ઓળી



શ્રી ક.દ.ઓ. જૈન સમાજમાં શ્રી નવપદજીની ઓળીની આરાધના ચૈત્ર સુદ ૭, શુક્રવાર તા.૪.૪.૨૫ થી ચૈત્ર સુદ ૧૫, શનિવાર તા.૧૨.૪.૨૫ સુધી કરાવવામાં આવી રહેલ છે. આ વર્ષની આ શાશ્વત ઓળીના લાભાર્થી છે શ્રી જેચંદ દામજી લોડાયા પરિવાર (જખૌ). આ પરિવાર દર વર્ષે આયંબિલની ઓળીનો વર્ષોથી લાભ લઇને અનુમોદનીય કાર્ય કરી રહેલ છે.

## મહાકાલી માતાજીની ભાવના

ચૈત્રી નવરાત્રિના ઉપલક્ષમાં આઠમના રોજ શનિવાર તા.૫.૪.૨૫ના રોજ અચલગચ્છાધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીની ભાવના કે.ડી.ઓ. ભવનમાં રાખવામાં આવેલ.

## શ્રી મહાવીર જન્મ કલ્યાણક

વિતરાગ પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનના ૨૬૨૩માં જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ તેમાં વડોદરાના કચ્છી જૈનોએ પણ ભાગ લીધેલ.



આ પ્રસંગે તા. ૮.૪.૨૫ ના ‘નવકાર દિવસ’ના અવસરે ‘ટીમ જીતો’ દ્વારા વડોદરામા સમુહ નવકાર મંત્ર જાપનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૫ હજાર જેટલા જૈનોએ ભાગ લીધેલ.

તા.૯.૪.૨૫ના રોજ વિતરાગ સાંજે ૫:૩૦ કલાકે ‘મહાવીર અહિંસા સંદેશ રેલી’નું આયોજન નવલખી કમ્પાઉન્ડ થી વડોદરા શહેરની પ્રદક્ષિણા કરીને નવલખી કમ્પાઉન્ડ સુધી કરવામાં આવેલ.

તા.૧૦.૪.૨૦૨૫ના રોજ શ્રી મહાવીર જન્મ કલ્યાણકના દિવસે સવારના વડોદરાના નગરજનોને ‘મ્હોં મીઠું’ કરાવવા સવા લાખ બુંદીના લાડુ જૈનો દ્વારા વહેંચવામાં આવેલ.




ત્યારબાદ સમગ્ર વડોદરાના જૈન સંઘો દ્વારા આ પ્રસંગે નીકળેલ રેલીમાં અનેક સંઘોએ બેન્ડ-વાજાં, ભક્તિ ધુનો, શણગારેલ ફ્લોટસ્ સાથે ભાગ લીધેલ. આમાં શ્રી ક.દ.ઓ. જૈન સમાજનો આકર્ષક ફ્લોટ પણ સામેલ થયેલ જેને સમાજના ઉત્સાહી કાર્યકર્તાઓ શણગારીને તૈયાર કરેલ.







શ્રી મહાવીર જન્મ કલ્યાણક ૨૦૨૫ના આ ઉત્સવમાં વડોદરાના કચ્છી જૈનો પૈકી દાતાઓમાં શ્રી સંજયભાઇ શાહ (ક્યુબ કન્સ્ટ્રક્શન), શ્રી મહેન્દ્રભાઇ તથા શ્રી લક્ષ્મણભાઇ સંઘવી ( શૈલી એન્જી.), શ્રી હિરેન્દ્રભાઇ મોતા (ટીકીટાર), શ્રી શાંતિલાલભાઇ લોડાયા (રેપિડ લોજીસ્ટીક), શ્રી ભરતભાઇ નાગડા (ભાઇ-ભાઇ દાબેલી) વિગેરે સામેલ થયા હતા.

## ચૈત્રી પુનમે શ્રી શૈત્રુંજય પટ્ટ દર્શન

ચૈત્રી પુનમના દિવસે શનિવેર તા. ૧૨.૪.૨૦૨૫ના રોજ શ્રી શેત્રુંજય પટ્ટ દર્શન તથા ૧૦૮ ખમાસમણાનો કાર્યક્રમ કે.ડી.ઓ. ભવનમાં થઇ ગયો જેમાં બધાએ ભાગ લીધેલ.





હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

મકાન - ફ્લેટસ્ - ટેનામેન્ટસ્
બંગલોઝ - પેન્ટ હાઉસ
લેવા - ભાડે આપવા માટે...
આજે જ સંપર્ક કરો ...
રીદ્ધી એસ્ટેટ એજન્સી
ગોત્રી રોડ, વડોદરા.
રમેશ ટી. ઠક્કર
મો : ૯૨૨૮૨૯૧૧૭૦, ૯૬૬૨૩૮૭૭૧૧

# શ્રી કચ્છી નાગર મંડળ, વડોદરા

શ્રી કચ્છી નાગર મંડળ – વડોદરા દ્વારા રવિવાર તા. ૧૩.૪.૨૦૨૫ના રોજ ‘શ્રી હાટકેશ પાટોત્સવ-૨૦૨૫’નું આયોજન કરવામાં આવેલ.




આ પ્રસંગે વડોદરાની ઈંદુ બ્લડ બેન્કના સહયોગથી વાકળ ભવન, સયાજીગંજ ખાતે સવારના ૯:૩૦ થી ૧૨:૩૦ કલાક સુધી એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવેલ. આ બ્લડ ડોનેશન કેમ્પમાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા સમાજસેવાના આ ઉમદા કાર્યમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે ત્રીસેક બોટલ બ્લડ એકત્ર કરવામાં આવેલ તથા નાના-મોટા બધાએ આમાં ભાગ લીધેલ.






ત્યારબાદ સાંજના અત્રે શ્રી હાટકેશ પાટોત્સવના આયોજન હેઠળ શ્રી લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ, જેમાં કચ્છી નાગરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો. અંતમાં થયેલ ‘નમો પાર્વતી પતયે’ના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. કાર્યક્રમના અંતમાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. મનગમતા ભોજન સાથે ગોષ્ઠી કરતા કરતા દિવસ પુરો થયો હતો અને બધા ફરી મળવાની વાતો કરતા છુટા પડ્યા હતા.

પ્રમુખ શ્રીમતી સમીક્ષા રાણા, મંત્રી શ્રીમતી વિમા કીકાણીની સાથે સમગ્ર કારોબારી સમિતિ દ્વારા આ આયોજન ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયું હતું.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન

કચ્છ તથા કચ્છીઓની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદભૂત ખજાનો

આપના મોબાઈલ પર નિયમિત રૂપે અંકો મેળવવા અહીં ક્લિક કરો







વડોદરાના બધા કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...

કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ

કચ્છ કોઠારા– વડોદરા



શ્રી યશવંતભાઇ ચાડ

**આ લેખના લેખકનો પરિચય:**

શ્રી યશવંતભાઇ ચાડ એ મુંબઇ સ્થિત કચ્છી ભાટિયા છે. તેઓ વર્ષોથી ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઑફ ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના ઑફિસીયલ સ્કોરર છે અને પરદા પાછળ રહી અનોખું કામ કરી રહેલ છે.

આજે લેટેસ્ટ ટેકનોલોજીને કારણે આપણને ક્રિકેટની લાઇવ મેચ દરમિયાન સ્ક્રીન પર જે આંકડા જોવા મળે છે કે કોણે કેટલા રન કર્યા? કેટલું ટાર્ગેટ છે ? કયા જુના રેકોર્ડ તૂટ્યા કે નવા રેકોર્ડ બન્યા ? એ બધી માહિતીનું જીવતું જાગતું કોમ્પ્યુટર એટલે યશવંતભાઇ. તેઓ કચ્છનું ગૌરવ છે અને ક્રિકેટ જગતમાં એક ખૂબ જ જાણીતું નામ છે. મોટાભાગના દેશ-વિદેશના ટેસ્ટ ક્રિકેટરો પણ એમને પર્સનલી ઓળખે છે.

યશવંતભાઈ આજે ૮૦+ ની ઉંમરમાં પણ ખૂબ સક્રિય છે અને આજે પણ સ્કોરર તરીકે અનેક મેચોમાં સેવા આપે છે. તેમના અનુભવો અને રસપ્રદ કિસ્સાઓ આપણા મેગેઝીનમાં આવશે. આજે એમનો પહેલો લેખ પ્રસિદ્ધ કરતા આપણે ગૌરવ અનુભવીએ છીએ અને ભવિષ્યમાં પણ આવા અનેક લેખો આવશે એવી અપેક્ષા છે. હાલમાં અવારનવાર એમની કલમનો જાદુ મુંબઈ સમાચાર, મિડ ડે જેવા કે મુંબઈના સમાચાર પત્રોમાં જોવા મળે છે.

ક્રિકેટ આપણી દરરોજની જીંદગી સાથે સંકળાયેલ રમત બની ગયેલ છે. ક્રિકેટની અનોખી અને અવનવી વાતો આપણને આ લેખોમાં જોવા મળશે. આપનો અભિપ્રાય જણાવવા વિનંતી છે.



આંકડાઓમાં વ્યસ્ત યશવંતભાઇ

# આગનો બંબો ક્રિકેટના મેદાન ઉપર

## વાનખેડ સ્ટેડિયમમાં આગ બુજાવવા ફાયર બ્રિગેડ-અગ્નિશામનના બંબા મેદાન પર



વાત છે આજથી ૫૦ વર્ષ પહેલાની જ્યારે ૧૯૭૫માં મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાઇ હતી. ભારત-વેસ્ટ ઇન્ડિઝ શ્રેણીમાં બંને ટીમોએ ૨-૨ ટેસ્ટ મેચ જીતી હતી અને શ્રેણીની અંતિમ ટેસ્ટ મેચ અને અત્યાર સુધી ૬ દિવસ રમાયેલ આ એકમાત્ર ટેસ્ટ મેચ વાનખેડે સ્ટેડિયમ પર યોજાઈ હતી.

એ જમાનામાં ટી.વી. કે મોબાઇલ તો હતા જ નહીં અને ફક્ત ‘ઓલ ઇન્ડીયા રેડીયો’ કે ‘આકાશવાણી’ની રેડિયો કોમેન્ટ્રીનો આંખો દેખ્યો અહેવાલનો અવાજ જ ભારતભરમાં ગુંજતો હતો.

કોઇપણ મોટી મેચ પહેલા ઓલ ઇન્ડિયા રેડિયોના સત્તાધીશો અને કોમેન્ટરો, એક્સપર્ટો, સ્કોરર વગેરેની એક બેઠક મળતી. આ ટેસ્ટ મેચના આગલા દિવસે પણ આવી મીટીંગ મુંબઇ આકાશવાણીના મુખ્ય વહીવટીકાર એચ.એસ. દલાલના નેજા હેઠળ થઇ. એ મિટિંગમાં વિજય મર્ચન્ટ ઉપરાંત ઇંગ્લેન્ડમાં સ્થાયી થયેલ મશહૂર કોમેન્ટ્રેટર ડી. કે. રત્નાકર, સુરેશ સરૈયા વગેરે સાથે આ લખનાર પણ હાજર હતા.

તે વખતે શ્રી દલાલે જણાવ્યું કે ક્રિકેટ મેચ દરમિયાન કંઇક તોફાન કે અજુગતું થાય તો ક્રિકેટ મેચના વર્ણન સિવાય બીજા કોઈ પ્રસંગનો કોમેન્ટ્રીમાં ઉલ્લેખ ન કરવો.

એનું કારણ એ હતું કે તે વખતે લગભગ ૯૦ના દાયકા સુધી પ્રેક્ષકોની સાથે ટ્રાન્ઝિસ્ટર નામક નાનો રેડિયો મેદાન પર સાથે જ રહેતો. મેચની વિગતો, વિકેટ કેવી છે, બેસ્ટમેન કે બોલર કે ફિલ્ડરને કોમેન્ટ્રી દ્વારા ઓળખી શકાય કારણ કે ત્યારે ખેલાડીઓના શર્ટ પર નામ કે ક્રમાંક લખવામાં આવતા ન હતા.

જ્યારે ડી. કે. રત્નાકરે તેમને પ્રશ્ન પૂછ્યો કે મેદાનમાં તોફાન થાય તો કોમેન્ટ્રીમાં શું કહેવું ? તો દલાલ સાહેબે ‘હોઠ ઉપર આંગળી મુકી’ ચૂપ રહેવાનો ઇશારો કર્યો એટલે કે તોફાન વિશે કશો જ ઉલ્લેખ ન કરવું, મોઢું સીવી રાખવું !

હવે બન્યું એવું કે ટેસ્ટ મેચમાં જ્યારે ક્લાઇવ લોઇડે ડબલ સદી ફટકારી (૨૪૨ રન કરેલ) ત્યારે કેટલાક ઉત્સાહી યુવાનો ફૂલના હાર લઇ લોઈડને પહેરાવવા મેદાન ઉપર દોડી આવ્યા. આથી અમ્પાયર સર્વશ્રી રૂબેલ અને નાગેન્દ્ર વિકેટ કે પીચને બચાવવા ઉત્સાહી પ્રેક્ષકોને હટાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે ત્યાં પહોંચી આવેલ મુંબઈ પોલીસના એક હવાલદારના હાથમાંથી એની લાકડી છટકી અને ઉછળીને એક બે છોકરાઓના પગમાં લાગી અને પગમાંથી લોહી નીકળવા લાગ્યું ત્યારે હાજર રહેલા ૪૦-૫૦ હજાર પ્રેક્ષકો આ દશ્ય નિહાળી રહ્યા હતા.

આ બનાવ જોઇને હાલના ‘વિજય મર્ચન્ટ સ્ટેન્ડ’ આગળ કેટલાક પ્રેક્ષકોએ આગ લગાડી અને તમે માનશો આકાશવાણીની ‘લાઇવ’ કોમેન્ટ્રીમાં મેચમાં અત્યાર સુધી શું શું થયું એ જ કહેવાયું. પ્રેક્ષકને પોલીસના દંડાથી ઇજા થઈ છે તે વાત જાહેર ન કરાઇ, નહિંતર ભીતિ હતી કે આખું સ્ટેડિયમ બળીને ખાખ થઇ જાય.

વેસ્ટ ઈન્ડિઝના મેદાનો ઉપર કાયમ તોફાન થતું હોવાથી તેનાથી જાણકાર ત્યાંના કોમેન્ટરર ટોની કોઝીયર પણ સ્ટેડિયમમાં આગ લાગતા આશ્ચર્યથી નિ:શબ્દ થઇ ગયેલ નજરે ચડેલ.

તે સમયે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન શ્રી વસંતરાવ નાઇક મેચ જોવા હાજર હતા, તે લગભગ હાંફતા હાંફતા કે દોડતા જ કહી શકાય એવી રીતે કોમેન્ટ્રી બોક્સમાં આવ્યા અને વિજય મર્ચન્ટ ને કહ્યું,‘વિજયભાઈ ! વિજયભાઈ ! આપ કોમેન્ટ્રીમાં જાહેર કરો કે ઇજા થયેલ છોકરો બરાબર છે, સરકાર તેનો ઇલાજ કરાવી રહી છે અને બધાને શાંતિ જાળવવા અપીલ કરો.’

જવાબમાં વિજય મર્ચન્ટે હોઠ પર હાથનો પંજો રાખી ‘મોઢું સીવેલું છે’ એવો ઇશારો કર્યો ને આકાશવાણીના ઇન્ચાર્જ એચ.એસ. દલાલ જે ત્યાં બેઠા હતા એમના તરફ આંગળી ચીંધી.

દલાલ સાહેબે વિજયભાઇને હાથ જોડી વિનંતી કરી કે વિજયભાઇ તમે કોમેન્ટ્રીમાં આ બાબત જાહેર કરો ! ત્યારે વિજયભાઇએ એમના જાદુભર્યા અવાજમાં આ ઇજાગ્રસ્ત છોકરા અંગે પોતાની આગવી શૈલીમાં વાત કરી અને પ્રેક્ષકોને શાંતિ જાળવવા વિનંતી કરી. અને તમે માનશો ? આકાશવાણીની કોમેન્ટ્રીનું મહત્વ કેવું હતું ? વિજયભાઇના અવાજે વાનખેડે સ્ટેડિયમમાં હાજર રહેલ પ્રેક્ષકો ઉપર જાદુઇ અસર કરી અને તરત જ પીન ડ્રોપ સાયલન્ટ જેવું વાતાવરણ થઈ ગયું. વાનખેડે સ્ટેડિયમમાં ટ્રાન્ઝિસ્ટર પર કોમેન્ટ્રી સાંભળતા પ્રેક્ષકોને વિજય મર્ચન્ટના અવાજમાં થયેલી જાહેરાત પર વિશ્વાસ હતો જેનો મને કોમેન્ટ્રી બોક્સમાં સ્કોરર તરીકે જાત અનુભવ થયેલ છે.

એ પછી આવેલ આગના બંબાની ઉપસ્થિતિ બાદ પણ શાંતિ છવાયેલી રહી અને મેચ વહેલી અટકાવી દેવાઇ અને સૌથી મહત્વની બાબત કે વાનખેડે વિકેટ ઉપર પ્રેક્ષકો દોડી આવ્યા છતાં વિકેટ ખરાબ કેમ ન થઇ ? મેચ બીજા દિવસે શરૂ કેવી રીતે થઈ શકી ? એ પણ બધા માટે રહસ્ય રહ્યું.

બન્યું એવું કે જ્યારે લોકોનું ટોળું વિકેટ ઉપર ધસી આવ્યું ત્યારે ક્રિકેટ મેચ જોતા પ્રેક્ષકગણમાં હાજર મુંબઇના કેટલાક ક્લબ ક્રિકેટરો, ક્રિકેટ પ્રેમીઓ રામજીભાઇ ધરોડ, ભાગવત વગેરે મેદાનની પીચની બહાર હાથ પકડીને ઊભા રહી ગયા ને પીચ પર દોડી જનાર પ્રેક્ષકોને પ્રેમથી સમજાવી વિકેટને ખરાબ થતી બચાવી લીધી હતી. બીજે દિવસે મેચ સમયસર શરૂ થઇ શકી તેની મહદ સફળતાનો જશ આ ક્રિકેટ પ્રેમીઓને જ દેવો રહ્યો.

મેચનો એક દિવસ વધારવામાં આવ્યો. આમ ભારતમાં રમાયેલ એકમાત્ર છ દિવસની આ ટેસ્ટ મેચમાં ભારતનો ૨૦૧થી પરાજય થયો. વેસ્ટ ઈન્ડિઝનો પ્રથમ દાવ છ વિકેટે ૬૦૪ રન કર્યા બાદ ડિકલેર થયો. એ વખતે ટેસ્ટ મેચો ભારતમાં ૫:૩૦ કલાક જ રમાતી હતી અને દિવસના ૯૦ ઓવરનો નિયમ ન હતો. હા, મેચના છેલ્લા કલાકમાં ૨૦ મેન્ડીટરી ઓવર નાખવાનો કાયદો જરૂર હતો.

વધુ આગળ પાના નં. ૫ પર...

ભારતીય પરંપરા મુજબ મહત્વપૂર્ણ કાર્યો જેવા કે ભૂમિપૂજન, જમીન ખનન, કૂવા ખનન, શિલાન્યાસ, ગૃહપ્રવેશ જેવા પ્રસંગે વાસ્તુદેવની પૂજા કરાય છે. અહીં વાસ્તુ શાસ્ત્રની દષ્ટિએ નિષ્ણાતો દ્વારા ઉપલબ્ધ વિવિધ નિયમોની માહિતી આપીશું. 'વાસ્તુ શાસ્ત્ર' મોટે ભાગે આપણાં વસવાટ તથા વહેવારના સ્થાનોમાં 'વસ્તુઓ' ક્યાં ગોઠવવી તે દર્શાવે છે. આશા છે અત્રે આપવામાં આવતી માહિતી આપને ઉપયોગી નિવડશે. વાસ્તુ શાસ્ત્રને સમજવા દિશાનું જ્ઞાન હોવું જરૂરી છે તેથી ચારે દિશા – પૂર્વ (East), પશ્ચિમ (West), ઉત્તર (North) તથા દક્ષિણ (South) અને ચારે ખૂણા એટલે કે ઇશાન (NE), અગ્નિ (SE), નૈઋત્ય (SW) ને વાયવ્ય (NW) હોકાયંત્રની મદદથી માપીને વાસ્તુશાસ્ત્રને અપનાવવું જોઇએ.

# નાની ચીજોનું ધ્યાન રાખો વાસ્તુશાસ્ત્રના આધારે

આજે આપણે ઘરની કેટલીક નાની નાની બાબતોનું ધ્યાન રાખવાથી વાસ્તુ શાસ્ત્ર મુજબ ગોઠવણી કરીએ તો ઘરમાં સુખ સમૃદ્ધિ અને ખુશહાલીને હંમેશ માટે સ્થાન આપી શકીએ.

જીવનમાં ઘણીવાર એવી મુસીબતો આતી હોય છે જેમાંથી બહાર નીકળવું આપણને ખૂબ જ જટીલ લાગે છે. ઘણીવાર તેમાંની દૂર જવું અશક્ય બની જાય છે. આવું ઘણી વખત આપણે જ કરેલા વાસ્તુ દોષને કારણે પણ થતું હોય છે. આવા પ્રશ્નોના નિરાકરણ ઘણી રીતે થઇ શકે તેવા ઉપાયો વાસ્તુ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યા છે. આવા અનેક એવા ઉપાય બતાવવામાં આવેલ છે જેના કારણે આપણે જીવનમાં આવા પ્રશ્નોનું નિરાકરણ લાવીને સુખ, સમૃદ્ધિ અને ખુશહાલી લાવી શકીએ છીએ.



**ઘરમાં પૂર્વ દિશામાં મુકો તુલસીનો છોડ :**

વાસ્તુ શાસ્ત્ર મુજબ ઘરના પ્રવેશદ્વારમાં કે આગણાંની વચ્ચે તુલસીનો છોડ લગાવવો ખૂબ શુભ માનવામાં આવે છે. તુલસીનો છોડ નકારાત્મક ઉર્જાને ખતમ કરીને સકારાત્મક ઉર્જાને વધારે છે. ઘરની અંદરની બાજુ કે પરસાળમાં તેને પૂર્વ દિશામાં મુકવાથી નકારાત્મક ઉર્જા નાશ પામે છે. ઘરમાં સુખ શાંતિ આવે છે.



**ઘરના મેન ગેટ પર મુકો શૂ સ્ટેન્ડ :**

વાસ્તુ મુજબ ઘરના મેન ગેટની બહાર ક્યારે પણ શુ સ્ટેન્ડ ન મુકવું જોઇએ. જો તમારી પાસે જગ્યા નથી તો પછી મેન ગેટ પર મુકેલ શુ સ્ટેન્ડ ક્યારેય ખુલ્લું ન મુકશો. ઘરની અંદર મેન ગેટની બાજુમાં અથવા પેસેજમાં તેને હંમેશા પશ્ચિમ કે પછી દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય) દિશામાં જ મુકવું ફાયદાકારક છે.



**ઉત્તર દિશામાં માથું કરીને ન સુવું :**

વાસ્તુ શાસ્ત્ર મુજબ જણાવવામાં આવેલ છે કે ક્યારેય ઉત્તર દિશામાં માથું કરીને ન સુવું જોઇએ. તેમ કરવાથી તમારા પગ દક્ષિણ તરફ થાય છે જે નેગેટીવ ઉર્જાનું પ્રવેશદ્વાર છે. તેને દાનવદ્વાર પણ કહે છે. ઉત્તર દિશામાં માથું કરી સૂવાથી સારી ઉંઘ આવતી નથી અને તેની અસર આરોગ્ય પર પડી શકે છે.

**દિવાલની ઘડિયાળ માટે કઇ દિશા :**

સમયની બલિહારી હોય છે એટલે કે કહે છે ને સમય બડા બલવાન. તો ઘરમાં ઘડિયાળ કઇ દિશામાં લગાડો તો તમારો સમય સારો જાય ? તેને હંમેશા પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં લગાવવી જોઇએ. આ દિશાઓમાં દિવાલ ઘડિયાળ મુકવાથી નવી તકો પ્રાપ્ત થાય છે. એ વાતનું પણ ધ્યાન રાખવું કે દિવાલ ઘડિયાળ ક્યારેય બંધ ન પડવી જોઇએ.





**ઘરની નેમ પ્લેટ હંમેશા રાખો સ્વચ્છ :**

ઘરની નેમ પ્લેટ હંમેશા સ્વચ્છ રાખવી જોઇએ. વાસ્તુ મુજબ ચમકદાર નેમપ્લેટ લગાવવાથી વ્યક્તિને કામમાં નવી તક મળે છે. ઘરની નેમપ્લેટથી બહારથી આવતી વ્યક્તિ પર સારો પ્રભાવ પડે છે.

## યોગ ભગાવે રોગ

ઓરીજીનલ યોગના આસનો શીખો આસાન રીતે (દામુ શુકલના પુસ્તકમાંથી સાભાર)



### મયૂરાસન

આ આસન કર્યા પછી શરીરનો દેખાવ મોરના જેવો થાય છે તેથી તે મયૂરાસન કહેવાય છે. આ આસન થોડું મુશ્કેલ છે કેમ કે તેમાં કોઇપણ બાજુએ ગબડી પડવાનો સંભવ છે માટે ખૂબ ધીરજથી આ આસન કરવું. બને તે ખોઇની થોડી સહાય લઇને કરવું.

પાથરણા પર બેસી બંને પગને ઢીંચણથી વાળી પગની એડી પર ઉભડક બેસો. પછી બંને હાથના પંજા જમીન પર ગોઠવી બંને કોણીને એકબીજા પાસે રાખી ડૂંટીની આજુબાજુ ગોઠવો. પછી પગને જમીન પર લાંબા કરીને જમીનથી ધીમે રહીને અધ્ધર કરો. આગળનો ભાગ જમીન પર ટિચાઇ ન જાય એ ધ્યાન રાખો. પછી હાથના જોરથી સમગ્ર શરીરને અધ્ધર કરો. જો કે આમ કરવા માટે થોડીક પ્રકટીસ જરૂરી છે માટે આ પ્રમાણે શરીરને અધ્ધર કરવાની ક્રિયા થોડા દિવસ ધીરજથી કરો. એ ફાવી જાય એટલે આખા શરીરને જમીન સમાંતર રાખીને માથું ઊંચું કરો.

શરીર ઊંચકતી વખતે શરૂઆતમાં હાંફ ચડે એવું લાગે છે પણ જેમજેમ મહાવરો પડતો જશે તેમતેમ આ આસન સામાન્ય રીતે કરી શકાશે. આ આસનથી પાચનશક્તિ વધે છે અને ભૂખ કકડીને લાગે છે.

## આગનો બંબો ક્રિકેટના મેદાન ઉપર

પાના નં.: ૪ થી આગળ...

વેસ્ટ ઇન્ડિઝની ટીમે દાવ પૂરો થયો ત્યારે સ્કોરર તરીકે કોમેન્ટ્રી બોક્સમાં હું કોઇક માહિતી તૈયાર કરતો હતો, તે વખતે કેલ્ક્યુલેટર તો હતા નહીં આથી બધી વિગત ભેગી કરતા થોડોક સમય લાગતો. ત્યાં વિજય મર્ચન્ટે મને કોઇક માહિતી આપવા જણાવ્યું પણ મારું ધ્યાન બીજે હતું આથી વિજયભાઇએ શું કહ્યું એ મને સમજાયું નહીં અને વિજયભાઇએ મને ફરી પ્રશ્ન પૂછતા ચાલુ કોમેન્ટ્રીમાં જણાવ્યું કે હવે આપણા સ્કોરર યશવંત ચાડ આપણને જણાવશે કે વિકેટકીપર ફારૂક એન્જિનિયર વેસ્ટ ઇન્ડિઝની ઇનિંગ્સમાં કેટલીવાર ઊભો થયો ને વિકેટકીપિંગ કરવા બેઠો. મને પણ વિજયભાઇનો સવાલ સમજતા થોડીવાર લાગી અને ત્યાં તો એન્જિનિયર બેટિંગમાં આવ્યો. મેં વિજયભાઇને એન્જિનિયર કેટલીક વાર ઉભો થયો ને બેઠો એનો અંદાજ આપ્યો અને હજુ તો વિજયભાઈ આકાશવાણીના શ્રોતાગણને એન્જિનિયરની માહિતી આપે ત્યાં જ તે શૂન્ય રનમાં આઉટ થયો. બંને દાવમાં શૂન્ય રનમાં આઉટ થયેલ પરત ફરતા વિજયભાઇએ જણાવ્યું કે 'વિકેટ કીપર તરીકે આટલી બધી આશરે ૧૦૦૦ ઉઠક બેઠક કરી છે તો પછી ઓપનર બેટિંગમાં એકાગ્રતા ભક્ષક્ષભયક્ષફિંઝિક્ષ ક્યાંથી દેખાડી શકે !!?'

આ ટેસ્ટ મેચમાં મુંબઇના જ બે ખેલાડીઓ સુનીલ ગાવસ્કર અને ફારૂક એન્જિનિયર તરીકે સાથે બેટિંગ કરેલ આ છેલ્લી ઇનિંગ હતી અને બંને ઇનિંગમાં ઝીરો પર આઉટ થઇ પેર મેળવનાર ફારૂક એન્જિનિયરની અંતિમ ટેસ્ટ બની રહી.

આ મેચ અનેક રીતે યાદગાર રહી. ભારતે વેસ્ટ ઇન્ડીઝના ટેસ્ટ મેચના બીજા દાવમાં સ્ટાઇલિશ સ્ટ્રોકમેકર બ્રિજેશ પટેલે અણનમ ૭૩ રન કર્યા ત્યારે જેમ બ્રેબોર્ન સ્ટેડિયમ પર થોડા વર્ષ પહેલાં અબ્બાસઅલી બેગે ઓસ્ટ્રેલિયન ટીમ વિરોધમાં અડધી સદી ફટકારતા એક યુવતીએ પેવેલીયનમાં પાછા ફરી રહેલા બેગને ચુંબન કરીને આશરે ૪૫-૫૦ હજાર પ્રેક્ષકોને સ્તબ્ધ કરી દીધા હતા તો પછી વાનખેડે સ્ટેડિયમ પાછળ કેમ રહી જાય ? બ્રિજેશ પટેલ પણ બીજા દાવમાં અણનમ અડધી સદી ફટકારી પરત આવતા હતા ત્યારે બ્રિજેશ પટેલને આશ્ચર્યકારક રીતે એક યુવતીએ ચુંબન ચોડી દીધું !

# ટચૂકડી જાહેરખબર - ક્લાસીફાઈડ



## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એકસ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/116, Vallabh Vihar Complex, Nr. Mahavir Hall, Ajwa Road, Vadodara 390019, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઇપણ પ્રોડકટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઇપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT
Cooking & Baking Classes

*New Vision & New Varieties*



*B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015*
*Website : www.variantclass.in*
*Email: variantclass@gmail.com*



*Varsha Patel*
*M: 9426326389*

SINCE 1995
VARIANT
COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/116, Vallabh Vihar-B,
Near Mahavir Hall,
Ajwa Raod, Vadodara - 390019.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
## સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

## ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## વડોદરામાં ફ્લેટ વેચવાનો છે

મહાવીર હોલ નજીક, આજવા રોડના શાંત વિસ્તારમાં 2 BHK સેમી ફર્નીશ્ડ, A/C, Fridge, નાનું કબાટ, દિવાન વિગેરે સાથે, ૩જા માળે, લિફ્ટ નથી, હાલમાં રીનોવેટ કરાવેલ વેલ મેઈન્ટેડ ફ્લેટ, **ફક્ત ૧૬ લાખમાં, તુરંત કબજો,** ૭૫૦ કારપેટ, ૨૪ કલાક પાણી, મેઈન રોડ ટચ. 2 WC-Bathroom, Vitrified Tiles, Granite Kitchen, Some Fixed Furniture, સ્કુલ, દેરાસર, હવેલી, મંદિર, હોસ્પીટલ, શાક માર્કેટ નજીક. Airport 5, Station 7, NH8 bypass 3 km. **CALL : 9377124582**

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

### કચ્છ-અર્પણ
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

### વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,400 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 1,800 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી *4.6 + rated on E- survey*
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ


Global Colliance
First • Fast • Fantastic
WORLD
EDUCATION
Expo
11th
May 2025
11 am to 5 pm
Click here for More Information
Grand Mercure (Surya Palace)
Ball Room @Vadodara
10
COUNTRIES
100+
UNIVERSITIES
2500+
COURSES
GUIDING DREAMS
17 YEARS
BUILDING FUTURES
Click here for Free Registration
Scan to register or reach us
+91 75739 10101

વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## રણછોડ રબારી : સરહદના શૂરવીર

ગતાંકથી આગળ...






૧૯૬૫માં જ્યારે યુદ્ધ થયું ત્યારે, બનાસકાંઠાના લિંબલા ગામમાં ઊંટ અને ગાયો-ભેંસો રાખતા રબારી સમાજના રણછોડ પગી સ્થાનિક પોલીસ માટે ગાઇડ તરીકે કામ કરી રહ્યા હતા. ત્યારબાદ ભારતીય સેનાએ તેમને જાસૂસ બનાવ્યા. જેનું કારણ હતું તેમનું અસાધારણ બુદ્ધિ અને કૌશલ્ય. વાસ્તવમાં પ્રકૃતિ અને પ્રાણીઓ સાથે નજીકનો સંબંધ હોવાના કારણે તેમને એટલી ઊંડી સમજણ આવી ગઈ હતી કે, માત્ર પગની છાપ જોઇને સેનાની ગતિવિધીઓ સમજી શકતા હતા.

બોર્ડર સિક્યોરિટી ફોર્સ BSF ના જવાનો દ્વારા પ્રેમથી 'ઓલ્ડ વોર કેમલ' ના નામથી ઓળખીતા બનેલ પગી ભારત-પાક સીમા પર તેમના ઊંટ પર બેસીને તેજ દષ્ટિથી પાકિસ્તાની જમીન પર જોતા અને તપાસતા કે કોઇ પાકિસ્તાની ઘુસણખોર ભારતમાં આવતા તો નથી ને !

પગના નિશાન જોઇને માહિતી ભેગી કરવાની તેમની કળા ખરેખર અદભુત હતી. પગલાં પરથી જ તેઓ ઘુસણખોરોની સંખ્યા, તેમની સાથે સામાન છે કે નહીં અને તેમની ચાલવાની સ્પીડ પણ જાણી લેતા હતા. તેઓ એમ પણ જણાવી દેતા કે, પગનાં આ નિશાન બન્યે કેટલો સમય થયો છે, ઘુસણખોરો કઈ દિશામાં ગયા છે અને એમ પણ જણાવી દેતા કે તેમણે જમીન પર બેસીને વાતચીત કરી છે કે નહીં.

બીએસએફ અને ભારતીય સેનાને આપેલ માહિતી ખૂબજ મહત્વની હતી. આ રીતે તેમણે ભારતીઓને બચાવવાની સાથે-સાથે યુદ્ધનીતિ બનાવવામાં પણ ઘણી મદદ કરી.

વર્ષ ૧૯૭૧ માં થયેલ યુદ્ધ દરમિયાન પણ તેમણે પાલી નગર પોસ્ટ પર તેમણે મદદ કરી. આ યુદ્ધમાં સેનાને માર્ગદર્શન આપવા સાથે, મોરચા પર દારૂગોળો પહોંચાડવો પણ પગીના કામનો ભાગ હતો. પગીએ પાકિસ્તાનના પાલીનગર શહેર પર ફરકાવવામાં આવેલા ભારતીય તિરંગાની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

રસપ્રદ વાત તો એ છે કે, વર્ષ ૧૯૭૧ના યુદ્ધ બાદ શામ માણેકશાને તેમના વીશે જાણ થતા પગીને બોલાવવાનો આદેશ આપ્યો,'આજે હું તેની સાથે ડિનર કરીશ.' હેલિકોપ્ટર રવાના થયું. હેલિકોપ્ટરમાં ઉડતા જ, પગીની એક થેલી નીચે રહી હતી, જેને લેવા માટે હેલિકોપ્ટર ફરી નીચે ઉતારવામાં આવ્યું. અધિકારીઓએ થેલીને નિયમાનુસાર હેલિકોપ્ટરમાં મૂકતા પહેલા ખોલી ત્યારે સ્તબ્ધ થઈ ગયા. કારણ કે તેમાં બે રોટલીઓ, ડુંગળી અને ગાંઠિયા હતા. સામ સાહેબે રાત્રિભોજનમાં એક રોટલી અને બીજી પગીએ ખાધી. ફીલ્ડ માર્શલે તેમનાં કામનાં વખાણ કરી તેમને ૩૦૦ રૂપિયા ઇનામ પણ આપ્યું.

મુલાકાત બાદ પગીએ જણાવ્યું હતું કે, 'જ્યારે જમવાના સમયે મેં મારા થેલામાંથી બાજરીનો રોટલો અને એક ડુંગળી કાઢી તો જનરલને ખૂબજ આશ્ચર્ય થયું પરંતુ મને પણ આશ્ચર્ય થયું જ્યારે તેમણે ખુશી-ખુશીએ એને ખાધું પણ.'

વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧ નાં ભારત-પાક યુદ્ધો દરમિયાન તેમનાં અનુકરણીય કામ બદલ પગીને ત્રણ સન્માન, સંગ્રામ પદક, સમર સેવા સ્ટાર અને પોલિસ પદકથી સન્માનિત કરવામાં આવ્યા.

## ફોટો બોલે છે... ૨૪

Photo by Satish Shanischara, Mandvi.
M: 9925169693
Story by Navin Patel.



બે સખીઓ જ્યારે ઘણે વખતે મળે ત્યારે પહેલા તો એકબીજાના ખબર અંતર પૂચ્છે પછી પોતાની અંગત વાતોથી ધરાય ત્યારે અલકમલકની વાતે ચઢી જાય.

થાકી જાય ત્યારે રસ્તાનો કીનારો પકડીને ખૂણે બેસીને વાતો કર્યા જ કરે. એકધારો ધીમીધારે પડતો જાણે વરસાદ જોઇ લ્યો... વચ્ચે વચ્ચે ક્યાંક અચરજ તો ક્યાંક ખુશીની કિરણો મોઢા પર ફૂટ્યા કરે.

એ સમય ન જુએ કે સ્થાન, એ તો નિરંતર એક વિચારધારા પર ચાલે કે આટલા વર્ષે મળ્યા હવે ક્યારે મળીશું, ખબર નથી માટે આજની પળ માણી લો !

ત્યારબાદ પણ વર્ષો સુધી રબારીએ બીએસએફ અને ભારતીય સેના માટે સેવા આપવાનું ચાલુ રાખ્યું અને સમય-સમયે તેમની સૂજ-બૂજનો પરિચય પણ આપ્યો. તેમની સફળતાઓમાં એક હતી, ૧૯૯૮ માં 'મુશર્રફ' નામના ઊંટને પકડ્યું, જેની પીઠ પર ૨૨ કિલો આરડીએક્સ હતો. તેના એક વર્ષ બાદ તેમણે ભગત વેરી પાસે ૨૪ કિલો આરડીએક્સ સાથે પાકિસ્તાની ઘુસણખોરોને પકડ્યા અને હાજીપીરમાં સંતાડી રાખેલ ૪૬ કિલો વિસ્ફોટક પણ શોધી કાઢ્યો.

વર્ષ ૨૦૧૩ માં સેવાનિવૃત્ત થયા તેના ચાર વર્ષ બાદ, ૧૧૨ વર્ષની ઉંમરે પગીનું અવસાન થયું. બીએસએફે તેમના સન્માનમાં બનાસકાંઠાની ચોકીઓમાંથી એક ચોકીનું નામ 'રણછોડ ચોકી' રાખ્યું છે. પોલીસે પણ તેમની અનોખી રીત માટે તેમનું સન્માન કર્યું. તેમણે તેમના સમાજના અન્ય જાસૂસોને 'પોલીસ પગી'નું ઉપનામ આપ્યું, જેઓ આજે પણ ગુજરાતમાં ૫૪૦ કિમી લાંબી ભારત-પાક સીમાની રક્ષામાં બીએસએફની મદદ કરે છે.

ઉત્તર ગુજરાતના સુઇગાંવ આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારની એક સરહદી ચોકીનું નામ રણછોડદાસ ચોકી હતું. આવું પહેલીવાર બન્યું કે એક સામાન્ય માણસના નામે તેમ જ તેની પ્રતિમાના નામે આર્મી પોસ્ટ લગાવવામાં આવી. હાલમાં બનેલ 'ભુજ' ફિલ્મમાં પણ રણછોડ પગીનો રોલ સંજય દત્તે કરેલ પરંતુ થોડીક ફિલ્મી સ્ટાઇલથી.

સેમ માણેકશાનું ૨૭ જૂન, ૨૦૦૮ના રોજ અવસાન થયું હતું ત્યારે આર્મી હોસ્પીટલના ડોક્ટરો સાથે વાતચીત કરતા ત્યારે પણ રણછોડ પગીને યાદ કરતા હતા. પગીએ ૨૦૦૯ માં સૈન્યમાંથી 'સ્વૈચ્છિક નિવૃત્તિ' લીધી તે સમયે પગીની ઉંમર ૧૦૮ વર્ષ હતી. હા, તમે બરાબર વાંચ્યું છે !!! ૧૦૮ વર્ષની ઉંમરે નિવૃત્તિ બાદ રણછોડ પગીનું ૨૦૧૩ માં ૧૧૨ વર્ષની વયે અવસાન થયું હતું.

કચ્છી લોકસાહિત્યની કથા: ૧૯

# સુંદરજી સોદાગર

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

કોઇપણ દેશમાં જે સમયે ઘણી અંધાધૂંધી વ્યાપે ત્યારે મહાપુરૂષો પણ પાકે, એવો કુદરતનો એક અચૂક કાયદો છે. રા'રાયધણના અવ્યવસ્થિત અને અંધકારમય રાજ્ય અમલ દરમિયાન કચ્છમાં પણ એક પછી એક નરપુંગવો પાકતા આવ્યા. જમાદાર ફતેહમહમ્મદ અને સુંદરજી શેઠ તેમાં મુખ્ય હતા. અવનીતિની ઊંડી ખીણમાંથી આપબળે ઉન્નતિના શિખર પર પહોંચનાર એવા સુંદરજી શેઠ હતા. એમનો જન્મ કચ્છ-માંડવી તાલુકાના ગુંદિયાળી ગામમાં બ્રહ્મક્ષત્રિય શિવજી હીરજીને ત્યાં થયો હતો. સુંદરજી શેઠનું બાલ્યજીવન જુગારની બદીમાં અને તોફાનોમાં જ પસાર થયું હતું. નાનપણથી જ એમને ઘોડેસવારીનો કંઇ અજબ છંદ લાગેલો. ગમે તેવો અડિયલ અને તોફાની ઘોડો હોય પણ સુંદરજી તેના પર બેધડક ચડી બેસે અને થોડી જ વારમાં તેને સીધોદોર બનાવી દે.

સુંદરજી શેઠને નાનપણમાં સૌ સુંધો કહીને બોલાવતા હતા. જ્યાં-જ્યાં જુગારીઓ કે તોફાનીઓની મંડળીઓ હોય ત્યાં-ત્યાં એનાં પગલાં તો અવશ્ય હોય. સુંદરજી મોટો થતો ગયો તેમ તેનામાં જુગારની બદી પણ વધતી ગઈ. જુગારીઓના અખાડામાં જ તે પડ્યો પાથર્યો રહેતો. જુગારના દાવ લગાડનાર જુગારીમાં ઉદારતાનો ગુણ પણ હોય છે. સુંદરજીમાં પણ એ ગુણ ખીલ્યો હતો. જે કંઈ હાથમાં આવે તેને જુગારમાં અથવા સાધુસંતોને દાન દેવામાં ઉડાવી નાખે. સાધુસંતો તરફ તેને પ્રથમથી જ અનુરાગ હતો. પૈસા તો એને મન કાંકરા હતા. ફાવે તેમ કરવું અને સ્વચ્છંદે ફરવું એ જ એનો કાર્યક્રમ.

સુંદરજીને સુધારવા અને એને સીધા માર્ગ પર લાવવા એના પિતા શિવજીભાઈએ અનેક ઇલાજ લીધા, પણ જો રેતીમાંથી તેલ નીકળે તો જ સુંદરજી સુધરે તેમ હતું. આખરે એના પિતા પણ એનાથી કંટાળ્યા. સંવત ૧૮૪૬માં એના ભાગની બે હજાર કોરી આપીને એને જુદો કર્યો; પરંતુ જર જુગારી ગૂંજલે ટકે કેટલી વાર? એ નિયમ અનુસાર સુંદરજી પાસે આવેલી આ બે હજાર કોરી થોડા વખતમાં જ છૂ થઈ ગઈ.

હવે તેણે પોતાની ઘરવાળીનાં ઘરેણાં પર મીટ માંડી. આ ઘરેણાં પડાવી લેવા માટે તેણે ખૂબ ઝાવાં નાખ્યાં. પણ જુગારી પતિને પોતાનાં ઘરેણાં કાઢી આપવાની સાફ ના સુણાવી દીધી. આથી ઘરમાં ક્લેશ પેઠો. પરિણામે મોટો ઝઘડો મચાવીને સુંદરજીએ ગુંદિયાળીથી બે માઈલ દૂર આવેલા નાગનાથ મહાદેવ ઉપર ઉગ્ર તપસ્યા આદરી દીધી. એને જાણે આકાશવાણી થઇ કે ઘોડાના વેપારથી એનું કલ્યાણ થશે.

આ ઘટના પછી સુંદરજીમાં ગજબ પલટો આવ્યો. પોતાનું ભાગ્ય અજમાવવા તેણે હવે કમર કસી લીધી સુંદરજીને ઘોડાનો શોખ હોવાથી અશ્વશાસ્ત્રમાં તો તે પ્રથમથી જ પ્રવીણ હતો. ઘોડાની ખામી, ખૂબી અને ખોડ પારખવાનું તેને સારું જ્ઞાન હતું.

સંવત ૧૮૫૧માં ૩૨ વરસની ઉંમરે તે માંડવી આવ્યો. માંડવીના નગરશેઠ શાહ માનસંગ ભોજરાજની તેણે મુલાકાત લીધી અને ઘોડાનો વેપાર કરવાની તેની ઇચ્છાશક્તિ જોઇ નગરશેઠે તેને સાત હજાર કોરીની સહાય આપી. સુંદરજીએ આ સાત હજાર કોરીમાંથી ઉત્તમ ઓલાદના ચૌદ ઘોડા ખરીદી લીધા. અને તેમને લઇને તે માંડવીથી એક મોટા વહાણમાં દક્ષિણ ભારતના કોચીન બંદરે ગયો. આ પાણીદાર કચ્છી ઘોડા સારા નફાથી કોચીનના સત્તાધીશોને વેંચ્યા.

તેને હવે ઘોડાના વેપારની લગની લાગી. વેપારી બુદ્ધિ ખીલી અને તેની જૂની કુટેવો નીકળી ગઇ. તેનું ભાગ્યબળ પણ ખીલતું ગયું.

એ જ અરસામાં બે અંગ્રેજો હથિયારોના વેચાણ માટે કચ્છ આવેલ. હથિયારો વેચતા આ બંને પરદેશીઓ પર કચ્છ રાજ્યને વહેમ પડ્યો અને રાજ્યના અધિકારીઓએ એમને જેલમાં પૂરી દીધા. સુંદરજીને કોચીનમાં તેમનો થોડો પરિચય થયો હોવાથી તેણે જામીન પડીને તેમને જેલમાંથી મુક્ત કરાયી પોતાને ખર્ચે મુંબઇ પણ પહોંચાડ્યા. .

હવે સુંદરજીએ કચ્છમાં ચારે તરફ ફરીને તેજસ્વી કચ્છી ઘોડા ખરીદવાનું ચાલુ કરી દીધું. ખોડખાંપણ વિનાના ઊંચા પૂરા કદના ઘોડા તે ખરીદવા લાગ્યો. આ વખતે ઘોડાના વેચાણ માટે તે મુંબઈ પહોંચ્યો. મુંબઇમાં જે અંગ્રેજોને તેણે કચ્છની જેલમાંથી છોડાવ્યા હતા તેમનો ભેટો થયો. તેઓ સુંદરજીને સહાયભૂત થયા અને સુંદરજીના તમામ ઘોડા સારા નફાથી સરકારી લશ્કરી ખાતામાં વેચાવી દીધા. ઉનરાંત બીજા ઘોડા કચ્છમાંથી લઈ આવવાની સુંદરજીને વરદી પણ મળી. પેલા બે અંગ્રેજોની ભલામણથી સુંદરજીને નવો ઉત્સાહ મળ્યો અને કચ્છમાંથી ઊંચી જાતના ઘોડા ખરીદી અંગ્રેજ સરકારને બેવડા ભાવે વેચ્યા.

એ સમયગાળામાં જ અરસામાં ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે લડાઇ ચાલતી હોવાથી ઘોડાની કિંમત વધી ગઇ હતી. સુંદરજી આ વખતે ઘોડાઓનો ત્રીજો કાફલો મલબારમાં કાનામાંગરોળ ખાતે લઇ ગયો અને તેણે તમામ ઘોડા કર્નલ મોન્ટેગોમરીને વેચ્યા. કચ્છી ઘોડાઓની ઉત્તમ જાત જોઇને કર્નલ ખુશ થઇ ગયો. તેણે દરેક ઘોડાની સારી એવી કિંમત ચૂકવી ને સાથે બીજા ૪૦૦ ઘોડાની માગણી કરીને એડવાન્સમાં એક લાખ રૂપિયા સુંદરજીને પ્રથમથી ગણી આપ્યા.

સુંદરજીએ આ લાખ રૂપિયાનાં મદ્રાસનાં મોતીબજારમાંથી હીરા-મોતી ખરીદ્યા અને તેણે બમણે નફે સુરતમાં વેચ્યાં. ત્યાર પછી કચ્છ, કાઠિયાવાડ અને સિંધમાં ચારે તરફ ફરીને તેણે ઘોડા ખરીદવા માંડ્યા. એ રીતે ચારસો ઘોડા ખરીદીને તેણે કર્નલને જાતે જઇને આપી દીધા.

(વધુ આવતા અંકમાં...)

કચ્છી કવિતા

## વસલેવોણી 'ગુણી'

મા ચૈતી ગુણી વૅલી તકડ઼ી તૈયાર થી અજ,
અચીંધા મૈંમાણ તૉજી થીએ તાં સગાઈ'તી;

હુછ-હુછ મ-કજ ને ગાલ કજ ચૌંઢી વારી,
ચખડી મ થીજ મડ ઉકરૈં જીયાઈ'તી;

મૈંમાણ આયા ન્યાણ તૈંકે ગુણી લગી ડિઠે ખાસી,
ચૈંતા છુરી કામૌંઢી ને લગે ભારી ડાઈ'તી;

તતાં ગુણી કુછઈ, ચૅતી-નિપટ ચરઈ નઈંયા કીં ?
ઈ-ત હુંઈ વસલેવૌણી ચૈ મૂંકે બાઈ'તી.

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'તેજ જો અવાજ-૧'માંથી

## ભગીચે મેં.....

રઙ કેશુડેંજો, ખિલધો ભગીચે મેં,
ફગણજો વાંસરો, ડુલધો ભગીચે મેં.

મોભતજે રઙમેં, રંગાંજી વેંધા પુતારા,
હીયું હામૂં ખણી, મિલધો ભગીચે મેં.

મે'ફિલું જામંધિયું, પોય મોભતયું,
અમીરસ ઘૂંટ, છલકધો ભગીચે મેં.

અચીંધા પરડેસી, વેલા વાવડ઼ સુણી,
પ્યાર ગુલેં કેં, ખિલાઈંધો ભગીચે મેં.

ચારેં ડિસા મેં, આય તોજી જ સંભાર,
મિણીકે મેભુભ, મિલાઈંધો ભગીચે મેં.

- વાલજી બળગા 'સનમ'

## આંજા કમ નઈં..

કેંક જી કેંણી કધર, આંજા કમ નઈં,
ધિલ રખણૂં સધર, આંજા કમ નઈં;

પિંઢ મીં જીં વસે, આંકે સમજી ચાતક,
છંઢો જલણૂં અધર, આંજા કમ નઈં;

કીં મિલધા તારો ઐંયા, ઉમાસ રાતજો,
છડ઼ણૂં પૂનમ જો ચંધર, આંજા કમ નઈં;

નાંય મિલણૂં લિકી, ભગીચે મેં 'કસભી',
અચણૂં ખુલે પધર, આંજા કમ નઈં.

- હરેશ દરજી 'કસભી' (નલીયા)
મો: ૯૮૨૫૬૩૮૮૮૮

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૦

# જુલ્મી આયો જોરસેં, જામોટી પ્યો જમ,
# જુલ્મી આવ્યો જોરથી, પકડ્યો યમની જેમ.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મોઃ 8320313731

સાંજનું વાતાવરણ દરેક વ્યક્તિને આકર્ષતુ રહ્યું છે, એટલે તો આધ્યાત્મિક જીવનમાં સંધ્યાનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. આમ તો પરોઢનો પહેલો પહોર સાધના-આરાધના કરવા સાધુ-સંતોએ ઉત્તમ અને શુભ માન્યો છે, પણ! માનવજીવનમાં સાંજ તો દરેક માટે ઉત્તમ સાબિત થાય તેમ છે.

સૂર્યનારાયણ વીસરાઈ તળાવડીમાં પોતાના પ્રતિબીંબને જોતા ઉપરથી પસાર થઇ રહ્યા હતા. જળમાં લહેરો હતી જ નહીં, જાણે તળાવડીમાંથી પ્રાણ નીકળી ગયા હોય એવું જળ સ્થિર હતું. પક્ષીઓ હજી માળા ભણી આવ્યા ન હતાં. પવનના સીસકારા બંધ હતાં. પીપળો ઝૂલવા માટે તરફડી રહ્યો હતો. કેટલીયે વસંતઋતુઓ જોઇ ચૂકેલા પીપળાને જાણે પોતાના ઉપર જ નફરત થઇ હોય તેમ એક એક પાંદડું ખેરવી રહ્યો હતો.

આજે ભીમનાથ મહાદેવના મંદિરે એક સાધુએ આશરો લીધો હતો. ટુટીફૂટી હિન્દી ભાષામાં વાલો અને ફકુ તેમની સાથે વાતે વળગ્યા હતા. હું ત્યાં ગયો ત્યારે દરરોજ આવનારાઓમાંથી માત્ર અભેસંગ આવ્યા ન હતાં, બાકી બધા હાજર હતાં. મેં મહાત્માને વંદન કર્યા એટલે ફકુએ મારી ઓળખાણ આપતાં કહ્યું કે, 'એ લાલજીભાઇ 'બઢઇ' હૈ, અચ્છે કવિ-લેખક ભી હૈ.' એમણે મારી સામે એક હાથ ઊંચો કરતાં આશીર્વાદ આપ્યાં અને કહ્યું કે, 'આપ દો પૈડ મત કાટના.' આ સાંભળતા મને નવાઇ લાગી. મને તો રાત દિવસ લાકડાંથી કામ હોય અને કયા બે પૈડ (ઝાડ) ન કાપવા ? મારી પાસે તો અનેક જાતના ઝાડનું લાકડું આવે છે અને તેમાં ક્યા બે ઝાડ ન કાપવા એ હું વિચારતો રહ્યો. એટલામાં અભેસંગ પણ આવી પહોંચ્યા, મહાત્માને સીતારામ કહેતા એ પણ સમુહમાં ગોઠવાયા અને મહાત્માજીએ મને કહેલી વાત ગાભાએ અભેસંગને સંભળાવી. મરક મરક થતાં અભેસંગે કાંભને કસીને બાંધી એને ઠામકુ જ કહ્યું, એમને કહો કે, 'આપ ભી દો ઘર મત માંગના.' હું અભેસંગ સામે જોતો રહ્યો, મને વાતનો મર્મ કંઈ પણ સમજાયો નહીં. કોઇની પણ રાહ જોયા વિના ગાભાએ મહાત્માજીને આ વાત કરી. આ સાંભાળતાં જ મહાત્મા બહુ જ હસવા માંડ્યાં. જાણે એમના મનની વાત અભેસંગ પામી ગયા હોય.

સામત ત્રણેક દિવસ પછી આજે આવ્યો હતો, શરીરમાં થોડી નબળાઈ આવી ગઇ હતી એમ એની ચાલ પરથી લાગતું હતું. મોઢા પરથી નૂર જતું રહ્યું હતું. એ ચૂપચાપ ઓટલાની કિનારી પર બેસી ગયો, મમુએ કહ્યું; 'ત્રે ડીં થ્યા અચેં નતો? કિડાં ગુડાણે વેં?'

'ભેજાર ઐયાં યાર, બરો ખણી ગિડેં આયં.'

આ વાતચીત ચાલી રહી હેતી કે પચાણભાઇએ કહ્યું સુણોં..સુણોં..

જુલ્મી [1]આયો જોરસેં, [2]જામોટી [3]પ્યો [4]જમ,
[5]ફિગાય [6]વિઘેં [7]ફિટકસેં, કેં અધમી અધમ.
[8]ખાધો [9]સમૂરો ભંધ કેં, [10]સોસે [11]ગિડે઼ [12]ચમ.
સચી પિરૂલી કાનજી ચે, ઈ [13]નસિયું કેં નરમ.

[1]આવ્યો, [2]બાથમબથ, [3]પડયો, [4]યમ, [5]પાડી કે ફેંકી, [6]દીધાં, [7]પગની આંટી(મારી), [8]ખાવું, [9]બિલકૂલ, [10]શોષિત, [11]લીધું, [12]ચામડું (શરીરનું), [13](શરીરની) નસો.

દેવાએ કહ્યું કે, 'જવાબ ભૅમારી મથે હુણું ખપે.' મમુએ કહ્યું, 'ત જોર નં !' આ વાદ-વિવાદનો સ્વચ્છાએ અંત લાવતાં પચાણભાઈએ કહ્યું કે, 'આ પિરૂલી મુખાછુટીવાઇ પ્રકારની છે, અને તેનો જવાબ 'તાવ' છે. જે માનવ શરીરના અંગોને કેવી રીતે કેટલો અસર કરે છે તે વાતને વાચા આપે છે.'

'અડે઼ ભા ! તાવ તાં, સીં જા પ હડ જોરે વિજે.' ગાભાએ કહ્યું.

અહીં જે પિરૂલી આપી છે તે કવિવર કાનજી કોચરા (ગાંધીધામ)ની રચના છે. તેમની રચનાઓમાં વર્ણસામિપ્ય અલંકાર બહુ જ સારી રીતે આલેખાયેલું જોવા મળે છે. અહીં પહેલી પંક્તિ તાવની વ્યાપક અસર બતાવે છે, જે યમરાજની જેમ વળગી ગયો. અહીં તાવને જમની ઉપમા આપી ઉપમેયાલંકાર સુંદર રીતે પ્રયોજાયું છે કેમ કે તાવ અને જમ બંને જીવ લઇને જ જાય. કર્તાની ખૂબી સુંદર રીતે રજૂ થઇ છે. બીજી પંક્તિમાં 'ફિગાય વિઘેં ફિટકસેં, કેં અધમી અધમ.' માં મલાખડો રમતાં મલ્લ એક બીજાને પાડી નાખવા પગની આંટી મારી (ફિટક નાખી) પાડે છે એમ તાવે મલ્લ જેવા માણસ પર અધમ કર્યો, અહીં તાવની અસરકારકતા, ગતિ ને તીવ્રતા માટે સૂચક વાક્યપ્રયોગ થયો છે.

પ્રથમ તો મારું ખાવાનું જ બંધ કર્યું તેને લીધે શરીર હણાઈ જાય. પહેલાના જમાનામાં રાજાઓ માથાભારે કેદીને જેલમાં ખાવાનું બંધ કરી દેતા એટલે તે બળહીન થઇ જતો. અહીં આ પંક્તિમાં એવી સાંકેતિક અર્થવિભાવના છૂપાયેલી છે. સર્જક કહે છે કે પછી તો નસો નરમ પડી ગઇ, તેજ-નૂર હણાઈ ગયું. એક યોદ્ધા જેવો માણસ પણ તાવ આવવાથી શારીરિક રીતે હણાઇ જાય કે તેની નસેનસ સાવ નરમ થઇ જાય. અહીં તાવને યમ સાથે અને વ્યક્તિને યોદ્ધા સાથે સરખાવી કવિએ સુંદર રૂપક આલેખ્યું છે.

ઉપરોક્ત વાત થતી હતી કે બાવાજીએ કહ્યું કે, 'એટલે જ લોકસમાજ કહે છે કે : તાવને તેડવા કોણ જાય?'

આ સાંભળતાં ગાભાએ કહ્યું, 'બાવાજી ! આપ ગુજરાતી અચ્છી બોલતે હો.' સાધુએ કહ્યું, 'આઉં કચ્છી પણ બુજાંતો, નેં કચ્છજો ઐયાં.' આ સાંભળતાં બધા એકી અવાજે બોલ્યા, 'કુરો ચૉતા બાપુ ?'

'હા...' અને ઉપરોકત વાતનો જવાબ આપતા એમણે કહ્યું કે, 'તમે સુથાર છો, મેં તમને બે ઝાડ નહીં કાપવા એમ જણાવ્યું કે એક લીલો અને બીજો સૂકો. અને અભેસંગે કહ્યું કે બે ઘર (જાતિ પાસે) માગવું નહીં. તે એક સ્ત્રી અને બીજા પુરૂષ પાસે !' એમ કહી એમણે ગોરખનાથજીનું ભજન 'જાવ જાવ ચેલા લકડી લાના'...ગાવા માંડ્યું અને સહુ મોજમાં ઝૂમવા માંડ્યાં.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર


## કચ્છી મુક્તક

કવિ-'તેજ'

'તેજ જો અવાજ -૪' માંથી

ધડ઼કી મિંજ લિંગરા,
સે બીં જેણે કેં જાણ;
હિકડ઼ી જેં ઊંઢઈ,
બિઈ સિભઈ જેં સુજાણ !

કચ્છી ચોવક – ૨૯
અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)



## અખ વતાઈજ

- (ધમધાટી કઈજ)

રા બાવેજે વખત મેં
કચ્છ રાજમેં સિધી
(હબસી) બૉરા હુવા.
સિપાઈ પ સિધી હુવા.

ભુજમેં હિકીયાર કિતક કીંક મથાકુટ હુઈ તડેં
રા બાવા સિધી કે ચ્યોં વિઞી ને 'સરચાય' અચ.

તૉવટા ન સરચેં ત અખ વતાઈજ.
ઈતરે ધમધાટી કઈજ
પ સિધી અકલજો ઓથમીર વો.

ઉત વિઞીને ઉનીકે બય હથ અખીયેં
તેં રખે પિંઢજી અખીયેંજા કોડા વતાંય.
રૂભાભ વતાયજી ભધલી ઇનજો
રૂભાભ ઇતઈ રૂડ઼ી પ્યો.

ઘણેં ચૉવકેં કે સમજેલા પ બુધી જી જરૂર પૅતી.
સરચાયણું-સમજાયણું, સરચેં - સમજે.

अज जी चोवक - ३०

अंधो मंगे हिकड़ी ने अला डे ब

આંધળો માંગે એક ને ઉપરવાળો આપે બે

:: ભાવાર્થ ::

અપેક્ષા થોડાની હોય પણ મળી જાય ઘણું બધું. અણધારી પ્રાપ્તિને વધાવતી વાણી.

:: શબ્દાર્થ ::

हिकड़ी– એક  अला – ઉપરવાળો


-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી
અજ જી ચોવક – ૩૦
ડૉ. વિસન નાગડા
(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# પુરાતન સમયના ફ્રીજ/રેફ્રીજેટરો





અત્યારના આધુનિક સમયમાં ફ્રીજ/રેફ્રીજેટરો છે , પણ શું તમે જાણો છો કે પહેલાના સમયમાં મનુષ્યો બરફનો સંગ્રહ કેવી રીતે કરતાં હતા ?

લગભગ ૪૦૦ BC ની આસપાસ ઇરાનમાં વસતા એક પર્સિયન ઇજનેરે 'યાખચલ' કે 'યચ્છલ' નામનું એક અદભૂત અને મોટા રેફ્રીજેટરોનું નિર્માણ કર્યું હતું જેમાં ભરઉનાળે રણમાં પણ બરફનો સંગ્રહ કરી શકાતો હતો.

તેઓ શિયાળા દરમિયાન મોટા પ્રમાણમાં બરફનો જથ્થો લઈ આવતા અને 'યચ્છલ'ના ખાડામાં તેનો સંગ્રહ કરતા, તેમજ ખાદ્ય-સંગ્રહ માટે પણ તેનો ઉપયોગ થતો હતો અને આ બરફમાથી ઉનાળામાં ફારસીઓની મીઠાઇ faloodeh બનાવવા માટે પણ ઉપયોગ થતો હતો.

હવે આપણે તેની રચના જોઇ લઇએ કે 'યચ્છલ' દેખાવમાં કેવો હતો ?


તેની અંદરની રચના :-

આ યચ્છલની દીવાલ કાદવથી બનાવવામાં આવતી, જેની જાડાઈ લગભગ ૨ મીટર અને લંબાઈ ૧૨ થી ૧૪ ફીટ હતી. તેમાં બીજા અન્ય પદાર્થો જેવા કે માટી/રેતી, સફેદ ઇંડા, લાઇમ, પત્થર, બકરીના વાળ અને રાખનો ઉપયોગ થતો હતો. તેને સુરક્ષિત રાખવા માટે ૬૦ ફીટ લંબાઇ ધરાવતી દીવાલ ઊભી કરાઇ હતી.

અને તેની રચના કંઇક એવા પ્રકારે કરવામાં આવી હતી કે જો તેમાં દિવસ દરમિયાન બરફનું પ્રવાહીમાં રૂપાંતર થઇ જાય, પરંતુ આખી રાત દરમિયાન તે જ પ્રવાહીનું (પાણીનું) ફરીથી ઘન (બરફ)માં રૂપાંતર થઇ જતું હતું. સવારે વધારાનું પાણી નાખી દો, તો પણ આ પ્રોસેસ ફરીથી રિપીટ થતી હતી.

- જૈમિન વિઠ્ઠલાપરા ''ક્વોરા' પરથી

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
ને
નિયમિત
રૂપે
આપના
મોબાઈલ
પર મેળવવા
અહીં ક્લિક કરો



## ધ્યાન આપો...

આ ઈ-મેગેઝીનમાં વડોદરાના દરેક કચ્છી સમાજના સામાજીક કાર્યક્રમોની માહિતી સમાચાર રૂપે ફોટા-અહેવાલ સાથે નિઃશુલ્ક છપાશે. આપના સમાજની વિગતો મોકલવા વિનંતી છે.

આપના સમાજની કોઈ માહિતી આમાં ન આવતી હોય તો સમાજના અગ્રણીઓનું આ બાબતે ધ્યાન દોરી અમારી સાથે જોડાઈ જાવ.

વધુ માહિતી માટે સંપર્કઃ
નવીન પટેલ
9377124582

## વાંચો ને જાણો...

# સવારે પાણી પીવાના ફાયદા...




તમારા શરીરને સ્વસ્થ રાખવા માગતા હો તો તમારી રોજીંદી જીંદગીમાં કેટલીક આદતો પાડવી પડશે. નાના મોટા ફેરફારો કરીને તમે એમ સ્વસ્થ જીવન જીવી શકો છો અને રોગો તથા બિમારીઓને બાય-બાય કરી શકો છો.

આમાંની એક સાદી ટેવ છે સવારે ઉઠ્યા પછી પાણી પીવું. સવારે પાણી પીવાથી શું ફાયદા થાય છે, કેટલા ગ્લાસ પાણી પીવું જોઇએ, કોને પીવું અને કઇ રીતે પીવું જોઇએ... બધું જાણો અને અપનાવો.

તમારી રોજીંદી આદતોમાં સમાવેશ કરવા જેવી એક અગત્યની ટેવ છે સવારે ઉઠ્યા પછી પાણી પીવું. સવારે ખાલી પેટે પાણી પીવાથી પાચનક્રિયા સુધરે છે. તેના કારણે શરીરમાં એકઠા થયેલા અનેક ઝેરી તત્વો બહાર નીકળી જાય છે.

સવારે ઉઠીને પાણી પીવું તમારી ચામડી કે ત્વચા માટે પર સારું માનવામાં આવે છે. નિયમિતપણે સવારે પાણી પીનારા લોકોને કિડની અને પથરી જેવી બિમારીઓનો ખૂબ જ ઓછો સામનો કરવો પડે છે. માટે શરીરને સ્વસ્થ રાખવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે સવારે ખાલી પેટ પાણી પીવાની ટેવ પાડવી જોઇએ.

ચાલો જાણીએ સવારે ઉઠીને કેટલું પાણી પીવું જોઇએ ? અને કઇ રીતે.

સવારે ઉઠ્યા પછી તમારે સૌથી પહેલું કામ તમારા દાંતને બ્રશ કરવું એ હોય છે. પરંતુ તેને બીજા ક્રમે રાખીને સવારે ઉઠ્યા પછી તમારે ઓછામાં ઓછું ૨-૩ ગ્લાસ પાણી પીવું જોઇએ. જો તમને બેડ-ટી લેવાની આદત હોય તો પણ એના પહેલા પાણી પીવાની આદત બનાવો.

શરૂઆતમાં તમારે ૧ ગ્લાસ પાણીથી કરવી જોઇએ. જો કે વધુ પી શકતા હો તો કોઇ જ વાંધો નથી. પણ શરૂઆત ૧ ગ્લાસથી કરી શકો છો. ધીમે ધીમે તેને ૨ ગ્લાસ અને પછી ૩ ગ્લાસ સુધી વધારી દો. જો તમે હૂંફાળું કે ગરમ પાણી પી શકો તો તેનાથી સારું બીજું કંઈ નથી. હૂંફાળું પાણી પાચનતંત્રમાં ઘણો સુધારો કરે છે અને ચયાપચયને વેગ આપે છે. ગરમ પાણી પાચનતંત્રને સક્રિય બનાવે છે. એટલું ધ્યાન રાખવુંકે પાણી પીધાના અડધા કલાક પછી જ બીજું કંઇક ખાવું જોઇએ.

સવારે ખાલી પેટ પાણી પીવાના ફાયદાઃ

સવારે ઉઠીને તરત પાણી પીવું શરીરની કુદરતી પ્રણાલીઓને સક્રિય કરવા માટે ફાયદાકારક છે, તે ચયાપચયને વધારે છે.

સવારે ઉઠીને તરત પાણી પીવાથી પાચનમાં સુધારો થાય છે. શરીરને પોષક તત્વો તોડવામાં તે મદદ કરે છે.

જો તમે સવારે પુષ્કળ પાણી પીઓ છો, તો તે સારા ઉર્જા સ્તરને જાળવવામાં મદદ કરે છે અને તમને દિવસભર ઉર્જાવાન લાગે છે.

ઉનાળામાં સવારે પાણી પીવાથી શરીર હાઈડ્રેટ રહે છે અને રાતભર પાણી ન પીવાનું લાંબો ગાળો પણ સમાપ્ત થાય છે.

સવારે ખાલી પેટ પાણી પીવાથી શરીર અને મગજમાં ઓક્સિજનનો પુરવઠો સુધરે છે, જેનાથી મગજ સારી રીતે કામ કરે છે.

શરીરને ડિટોક્સ કરવા માટે સવારે પાણી પીવાની પણ સલાહ આપવામાં આવે છે. આનાથી લીવર અને કિડની પર ઓછું દબાણ પડે છે.

સવારે ખાલી પેટ પાણી પીવું પણ ત્વચા માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેનાથી ત્વચા ચમકદાર બને છે.

આમ સવારે ઉઠીને તરત પાણી પીવાથી તમારી રોજીંદી જીંદગીને ઘણો ફાયદો થાય છે.

'વીણેલાં ફૂલની ફોરમ' ના લેખક એટલે કે 'હરિશ્ચંદ્ર' એટલે કે બે સ્ત્રીઓ - ચંદ્રકાન્તા અને હરવિલાસ. બન્ને વિનોબાજીની શિષ્યાઓ તથા ભારતભરના લેખકોની સુંદર વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરનારી. આ વાર્તાઓને આપણા સુધી પહોંચાડનાર એટલે વર્ડપ્રેસના બ્લોગર અતુલ જાની (આગંતુક)ના પણ આપણે ખૂબ આભાર છીએ.

'વીણેલાં ફૂલની ફોરમ'
લેખક-હરિશ્ચંદ્ર

# પેટ

(શ્રી વિજયા જહાગીરદારની મરાઠી વાર્તાને આધારે)

ધગધગતા અંગાર જેવો તાપ. ક્યાંય ન કોઈ છાંયો, ન વિસામો. ન કોઈ ઝાડ કે ઝાંખરાં, પાણી માટે આવતાં પંખીઓ પણ ફફડતાં તરફડતાં અધવચથી જ પાછાં વળી જતાં. વચ્ચે વચ્ચે માત્ર ઇંટ-ભઠ્ઠી પર કામ કરતા કામદારોના અવાજો... પણ ફરી પાછું બધું શાંત... ગરમ ગરમ... ધગધગતું...

પણ બે વહેંતનું પેટ જેમને વળગેલું હતું, તેમને સ્વસ્થ બેસી રહ્યું પોષાય તેમ નહોતું. ભઠ્ઠામાં અત્યારે પોતે શેકાય, તો જ રાત્રે બે લાકડાં ઘેર ચૂલામાં બળી શકે. નજીક જ રાવટીમાં બધા પર ધારદાર નજર રાખતો મુકાદમ બેઠો હતો. શ્વાસ લેતાંય બીક લાગે એવી બળબળતી નજર !

ગંગા-જમના ધડાધડ ઇંટો પાડતી હતી. બંનેના હાથ ભરાઇ આવ્યા હતા. જમનાના હાથમાં કામ હતું, પણ ચિત્ત ઘરે, વાંઝિયાબાનો ધાવણો છોકરો ભૂખ્યો થયો હશે. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

'જમના, બોન ! તું જરા વહેલી જા. તારા ભાગની ઇંટો હું ઠોકીશ. જો, પાનોયે ચઢવા માંડ્યો છે. ચોળી ભીંજાવા માંડી.'

જમના ઝટ કરતીકને મુકાદમ પાસે જઇ ઊભી. 'મુકાદમ દાદા, ઘેર છોકરું ભૂખ્યું થયું હશે, જઉં કે ?'

'અહીંના કામનું શું? શું કરવાં છે આટલાં બધાં છોકરાં ?'

'દાદા, મારે તો ચાર પછી વાંઝિયાબાનો આ એક જ જીવ્યો છે.'

'સારું છે. ચાર મરે છે ત્યારે જ એકને જીવવા મળે છે. પોતાનું વિકરાળ અર્થશાસ્ત્ર ફેંકતો એ ઘોડાની માફક હણહણ્યો ને પછી પોતાના વિનોદ પર ખુશ થઇ એણે જમનાને જવા દીધી.

થોડે દૂર ઝૂંપડપટ્ટીમાં ગંગા-જમનાની ઝૂંપડીઓ હતી. પતરાં, કંતાન, પ્લાસ્ટિકનાં થીંગડાંથી ઢંકાયેલ, ગણપત ડ્રાઈવર પણ ત્યાં જ એક ઝૂંપડીમાં રહેતો. તેની પાસે લાઇસન્સ નહોતું. મુકાદમની કૃપાથી ટ્રક ચલાવતો. ડ્રાઇવરના નામે મુકાદમ કોન્ટ્રાક્ટર પાસેથી રૂપિયા લેતો અને ગણપતને અડધા આપતો.

બપોરની છુટ્ટીમાં ગંગા પણ ઘેર આવી. ગણપતની ઝૂંપડી પાસેથી પસાર થઇ ત્યારે અંદર એની બૈરી કણસતી હતી અને ગણપત દારૂના કેફમાં એલફેલ બોલતો હતો. જમુનાને ત્યાં સાસુવહુ છોકરાને રમાડતી બેઠી હતી. ગંગાએ કહ્યું, 'ઓ દાદી, જરા ગણપતને ત્યાં જાઓ ને ! પેલો તો દારૂ પીને ચત્તોપાટ પડ્યો છે, મોણકીને છેલ્લા દા'ડા છે. વેણ ઊપડી છે.'

'પણ પછી મારા આ છૈયાનું શું ?'

'તમે ફિકર ના કરતા. અમે સાથે લઇ લઇશું.'

'સંભાળીને લાવો છોકરાને. મારો એકનો એક વાંઝિયાબાનો. મૂઓ એવો મીઠડો છે.'

ગંગા-જમના છોરાને લઇને ઇંટને ભઠ્ઠે આવી. ત્યાં ઊભેલી ટ્રકના છાંયે જમના છોરાને ધવરાવવા બેઠી. તેવામાં મુકાદમ બરાડ્યો. 'ચાલ, કામે લાગ !' અને જમના હાંફળી ફાંફળી ઊઠી છોરાને ત્યાં જ છાંયામાં સુવાડી કામે વળગી.

મનોમન એ વિચારતી હતી. સાંજે મારા બલુડાને પેટ ભરીને ધવડાવીશ..... હાલરડાં ગાઈશ.... ઉતાવળમાં તાળવે તેલેય નથી ભર્યું, હાથ કામમાં હતા, પણ મન સાંજની વાટ જોતું હતું. પછી કાન્હાને લાડ લડાવતી યશોદા ડૂબી જવાની હતી તેના ગોકુળમાં.

રહી રહીને તેની આંખ સામે આવતું હતું પોતાના છોરાનું ભૂખ્યું પેટ અને સાથે યાદ આવતું હતું ગણપતની વહુનું ભારેપગું પેટ....!

'ગંગા ! છૂટી હશે કે ગણપતિયાની વહુ ? બૈરાનો જન્મારો જ નકામો. પીઠ પર ડાઘ અને પેટમાં આગ ! ધણીનો મારેય ખાવાનો અને એના છોરાનેય પેટમાં પોષવાનો...'

અને તેવામાં કાંઈક હો...હા થઈ. બધાં દોડતાં હતાં મુકાદમની રાવટી ભણી. ભીડમાં છોરો ઠેલે ચઢે તેની બીકે ગંગા-જમનાય દોડ્યાં. બધા ગણપતને ગાળો દેતા હતા. આ બેઉને જોઇ વાતાવરણમાં અભદ્ર શાંતિ પ્રસરી ગઈ. પણ ટ્રક પાસે જઈને જોયું તો જમનાના કાન્હા પર ટ્રકનું પૈડું ફરી વળ્યું હતું. જમના પોકેપોકે રડી ઊઠી. 'ઓ મારા દીકરા ! મને છોડીને ક્યાં ચાલ્યો... થોભ, તને છેવટનો ધવડાવી લઉં' અને લોહીથી ખરડાયેલા નિર્જીવ મુખમાં એ પોતાનું સ્તન ખોસવા લાગી. અત્યારે એને કોઇની તમા નહોતી. આ ક્ષણે એ કેવળ મા હતી.

અને તે વખતે અસહ્ય વેણ ઊપડતાં ટ્રકમાં બાયડીને નાખી ગણપત દવાખાનાની વાટે જઇ રહ્યો હતો. એક પેટ જન્મ લેતું હતું. એક પેટ...

લોહીથી ખરડાયેલી ટ્રકનાં પૈડાં પર માટીના થરના થર બાઝતા જતા હતા !!

# ઝાડ

લેખક - અજ્ઞાત

નામદેવ નામનો એક કઠિયારાનો છોકરો હતો. પિતાના વ્યવસાયને અપનાવતાં એ પણ એક દિવસ જંગલમાં લાકડાં કાપવા માટે ગયો.

એક જગાએ સુંદર વન હતું. ત્યાં એક વિશાળ વૃક્ષ હતું. નામદેવે એના પિતાને કહ્યુ, 'પિતાજી, હું આ વૃક્ષ કાપું ?'

'હા, બેટા ! પિતાજીએ પરવાનગી આપી.' નામદેવ હટ્ટોકટ્ટો અને શક્તિશાળી બાળક હતો. એણે પૂરેપૂરી શક્તિથી ઝાડના થડ પર કુહાડીનો પ્રહાર કર્યો છે. થડનું એક છોતરું ઊડીને દૂર ફંગોળાયું. ક્ષણભર માટે નામદેવ એ કપાયેલા થડ સામે જોઇ રહ્યો. પછી ધીમે ધીમે એનો ઉત્સાહ ઓસરતો ગયો. એણે જોયું કે જ્યાં એણે પ્રહાર કર્યો હતો ત્યાંથી સફેદ દૂધ જેવું કોઈક પ્રવાહી નીકળતું હતું. નામદેવના મનમાં વિચાર સ્ફૂર્યો, મેં ઝાડ પર પ્રહાર કર્યો એટલે ઝાડ ઘાયલ થયું. માણસને જેમ લોહી નીકળે છે એમ તેને પણ સફેદ લોહી નીકળી રહ્યું છે. મારા પ્રહારથી ઝાડ દુઃખી થઇને પીડાઈ રહ્યું છે. એ ધ્રૂજી રહ્યું છે. કોઇ મને મારે તો કેવું થાય ?

નામદેવ પિતા એની પાસે દોડી આવ્યા, 'શું થયું બેટા ?'

'પિતાજી, હું આજ પછી ક્યારેય ઝાડ નહીં કાપું !'

'કેમ બેટા ?'

'કારણ કે આ હિંસા છે. હું શાળામાં ભણ્યો હતો કે ઝાડ સજીવ હોય છે. એનામાં પણ આપણી જેમ જ જીવ હોય છે. એ પણ આપણી જેમ જ મોટું થાય છે. એના પર પ્રહાર કરીએ તો એને દર્દ થાય. ઝાડ કાપીને આપણે હિંસા કરીએ છીએ. માટે હું હવે કોઈ હિંસા કરવા નથી માંગતો.'

પિતાએ પુત્રને ગળે લગાવી દીધો.

ઝાડ જેવા ઝાડની વેદનાથી દ્રવી ઊઠેલા બાળકે દુનિયાને અહિંસાની એક નવી વ્યાખ્યા આપી હતી. નામદેવે આખી જિંદગી કોઈ જ હિંસા ના કરી. અને એ મોટા સંત તરીકે ખ્યાત થયા.

# દીકરો

(લઘુકથા - લેખક - માણેકલાલ પટેલ)

પાણી તો એના ઢાળે વહી જતું હતું.

વાત માત્ર ચોમાસાની જ નહોતી. ડેલીમાં ખાળ બનાવેલો તે આખા દિવસ દરમિયાન ઢોળાતું પાણી આ ખાળ વાટે વહીને બહાર નીકળી જતું હતું. પણ, હંમેશાં ફળિયામાં કજીયાનું મૂળ જ આ ખાળ હતો.

ઉગ્ર ચર્ચાઓ થયા કરતી હતી. 'બધા આખો દિ' પાણી ઢોળે તો ...'

સમજવાવાળાં તો સમજતાં હતાં કે કજીયાના નિમિત્તે કેટલાક તો...

પછી તો શારદાએ એ એમ વિચારીને ખાળે જ ડૂચો મારી દીધો હતો. 'આ રોજની કચકચ તો નહીં.'

પરબતને ગુજરી ગયે ત્રણેક વર્ષ થયાં એ પછી વાત અને વાતાવરણ બદલાતું જતું હતું. શારદા એનાથી એકાદ વર્ષ જ નાની હતી. એમના સુખી સંસારમાં ચાર દીકરીઓ હતી. ત્રણને તો પરબતની હયાતીમાં પરણાવી દીધી હતી. ચોથી તો વૃધ્ધ માની સેવા માટે પરણવા જ માગતી નહોતી.

એણે ખાળે મારેલો ડૂચો કાઢી નાખ્યો ત્યારે શારદાએ કહ્યું, 'ફળિયામાં માંડ કજીયા મટ્યા છે ને પાછી તેં...'

'મા !' એ બોલી, 'તું ચિંતા ન કરીશ. તારી ત્રણ દીકરીઓને તો તેં પરણાવી દીધી છે. આ ચોથીને હવે તારો દીકરો જ માન.'

પાણી તો આજે પણ ઢોળાતું હતું. એ ખાળમાંથી જ બહાર ફળિયામાં આવતું હતું. પણ, હવે લોકોની બોલી બદલાઈ ગઈ હતી.